ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક તૈયાર-ટૂંકમાં ઉપયોગ કરાશે

વાહનવ્યવહારમંત્રીએ ગાંધીનગર આર.ટી.ઓ. કચેરીની મુલાકાત લઈ ટ્રેકનું નિરિક્ષણ કર્યું

ગાંધીનગર, તા. ૧

રાજયમાં મોટા પ્રમાણમાં ખાનગી વાહનોનો વપરાશ વધ્યો છે. દરરોજ હજારોની સંખ્યામાં નવા વાહનોની નોંધણી થાય છે. ત્યારે આર.ટી.ઓ. કક્ષાએથી ઈસ્યુ થતા ડ્રાઈવીંગ લાયસન્સની પ્રકીયા પણ આધુનિક બનાવી દેવાઈ છે. સેન્સર લગાવાયેલા ડ્રાઈવીગં ટેસ્ટ ટ્રેકનો ઉપયોગ ટુંકમાં જ શરૂ કરી દેવાશે તેમ વાહન વ્યવહારમંત્રી નીતિન પટેલે જણાવ્યું છે.

'ગ' માર્ગ પર સ્થિત રાજયની પ્રથમ મોડેલ આર.ટી.ઓ. કચેરીમાં છેલ્લા કેટલાક સમયથી આધુનિક ડ્રાઈવીંગ ટેસ્ટ ટ્રેક તૈયાર કરવાનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. સેન્સર લગાવેલા આ ટ્રેકની કામગીરી પૂર્ણ કરી દેવાઈ છે. ટ્રાયલબેઈઝ ટ્રેક તૈયાર કરી દેવાયો છે. શહેરની મોડેલ કહેવાતી આર.ટી.ઓ. કચેરીની આજે વાહનવ્યવહાર મંત્રી નીતિન પટેલે મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ડ્રાઈવીંગ ટ્રેકનું નિરિક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. વાહન ચાલકોએ કઈ રીતે આ ટ્રેકના માધ્યમથી ડ્રાઈવીંગની કસોટી પાર કરવી પડશે તે અંગે પણ માહિતી મેળવી હતી. આ ઉપરાંત હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ સંદર્ભે પણ વાહનવ્યવહાર મંત્રીએ વિભાગના અધિકારીઓ સાથે પરામર્શ કરી હતી. વાહનોમાં લગાવાની નવી હાઈ સિક્યોરીટી નંબર પ્લેટ અંગે જરૂરી માહિતી મેળવી હતી. આ તબક્કે તેમણે જણાવ્યું હતું કે રાજયમાં ખુબ મોટા પ્રમાણમાં ખાનગી વાહનોનો વપરાશ વધ્યો છે. રીક્ષા, ટ્રક-કાર સહિતના વાહનો રોજબરોજ હજારોની સંખ્યામાં નવા આવે છે. જેને અનુલક્ષી સરકારે માર્ગ નવીનીકરણ ઉપરાંત ફ્લાઈઓવર બનાવવાનું કામ ઉપાડ્યું છે. વાહનોનો વપરાશ વધતા વાહનચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ ઈસ્યુ કરવાની પ્રક્રિયા પણ આધુનિક બનાવી દેવાઈ છે. આર.ટી.ઓ. કચેરીના કેમ્પસમાં આધુનિક ડ્રાઈવીંગ ટ્રેક તૈયાર થઈ ગયો છે જ્યારે ટ્રેક સમયમાં જ આ ટ્રેકનો ઉપયોગ શરૂ કરાશે તેમ પણ તેમણે જણાવ્યુ હતું.

શ્વાનપ્રેમી ભાસ્કરભાઈ શેરીના કુતરાઓ પાછળ દર મહિને દસ હજારથી વધુ ખર્ચે છે

ગાંધીનગર, તા. ૧

લેબ્રાડોર, પોમેરીયન, જર્મન શેફર્ડ જેવા વિદેશી બ્રીડના શ્વાનો શ્રીમંતોના ઘરોમાં એશોઆરામથી જલ્સા કરે છે. જ્યારે દેશી શ્વાનો શેરીઓમાં રખડે છે. આવા શેરીના શ્વાનોને પ્રેમ કરનારા વડીલ ભાસ્કરભાઈ તેમના પેન્શનમાંથી સારી એવી રકમ આવા કુતરાઓને દૂધ-બિસ્કીટ સહિતનું ભોજન આપવા પાછળ ખર્ચે છે. વર્ષોથી શ્વાનોની સેવા કરનારા ભાસ્કરભાઈનો એક અવાજ સાંભળીને સેક્ટર-૩-ન્યુના પચીસથી વધુ શ્વાનો એકત્ર થઈ જાય છે. બિમાર શ્વાનોની સારવાર પણ તેઓ કરાવે છે.

શહેરના વિકસીત સેક્ટર-૩-ન્યુ પ્લોટ નં. ૧૧/૨ ખાતે રહેતા ભાસ્કરભાઈ વૈદ્ય નિવૃત્ત જીવન જીવી રહ્યા છે. ભાસ્કરભાઈ શિક્ષણ કમિશનર ઓફિસમાં પ્લાનીંગ ઓફિસર તરીકે ફરજ બજાવીને ૧૯૯૪માં નિવૃત થયા. નિવૃત્ત જીવન દરમ્યાન ભાસ્કરભાઈ પ્રવૃત્તિમય રહેવા માટે સેક્ટરમાં ફરતા કુતરાઓને ભોજન આપવાનું કાર્ય શરૂ કર્યું. છેલ્લા ૧૮ વર્ષથી નિરંતર આ સેવાકાર્ય ચાલુ રાખનારા ભાસ્કરભાઈ અત્યારે ૮૦ વર્ષના થયા હોવા છતાં તેમના કાર્યમાં ઉણપ આવી નથી.

સેક્ટરમાં ફરતા નાના-મોટા થઈ અંદાજીત ૨૫ શ્વાનોને સવાર સાંજ ભોજન પીરસે છે. તેઓ સવારના ૭ થી ૮ના સમયે રખડતા કુતરાઓને દૂધ પૌવા તેમજ બિસ્કીટ અને રોટલી ખવડાવે છે. ટાઈમસર ખવડાવનાર ભાસ્કરભાઈને જોઈને કુતરાઓ તેમને વીંટી વળે છે. ભાસ્કરભાઈ કોઈકવાર તેમના માટે સ્પેશિયલ વાનગી તરીકે શીરો પણ પીરસે છે. સાંજે ૫ થી ૭ના સમય દરમ્યાન તેઓ નીકળે એટલે તેમને જોઈ શ્વાનોનું ટોળુ તેમની પાસે આવી જાય છે. સાંજે તેઓ દૂધ-બીસ્કીટ તેમજ તેમણે બનાવેલી ખીચડી ખવડાવે છે. ભાસ્કરભાઈએ દેશી રખડતા કુતરાઓને જમાડવા માટે પાંચથી વધુ થાળી રાખી છે. વારા ફરતી ભાસ્કરભાઈ ભભુભાઈ, છોટુભાઈ, કાળી, લાલુ, લાલી નામ બોલે તેમ શ્વાનો કાવા માટે આવતા જાય અને તેઓ પીરસતા જાય. રખડતા કુતરાઓને ખવડાવવા માટે રોજની ૧૫ થેલી દૂધ વપરાય છે. મહિનાના ૨૦ કિલો બિસ્કીટ, તેલ, ગોળ, ચોખા, સહિતની વસ્તુ પાછળ તેઓ

● અનુસંધાન પાન-૭ પર

સિવિલ હોસ્પિટલ સંકુલમાંથી ટી.બી. સેન્ટર તોડી પડાશે

મેડીકલ કોલેજની માન્યતા મળતા છ માળની ઓ.પી.ડી. બિલ્ડીંગ બનાવા લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મેડીકલ કોલેજની માન્યતા મળ્યા બાદ ઓપીડી વિભાગનો વિસ્તાર વધારીને છ માળની ઓપીડી બિલ્ડીંગ બનાવવાના આયોજનને પગલે હોસ્પિટલ સંકુલમાં સ્થિત ટી.બી. સેન્ટરની બિલ્ડીંગને હવે તોડી પાડવામાં આવશે. હાલ ટી.બી. વિભાગને હોસ્પિટલના જી-બ્લોકમાં ખસેડીને કાર્યરત કરી દેવામાં આવ્યો છે. અને ટી.બી. સેન્ટરની બિલ્ડીંગને તોડવા માટેની હિલચાલ શરૂ થઈ ગઈ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સંકુલમાં કાર્યરત ક્ષય વિભાગ કેન્દ્ર (ટી.બી. સેન્ટર) હવે તોડી પાડવામાં આવશે. સેવા અને સવલતની દષ્ટિએ અત્યાધુનિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલને મેડીકલ કોલેજમાં રૂપાંતરીત કરી દેવામાં આવતા હવે ઓ.પી.ડી. વિભાગને લંબાવવાની કામગીરી હાથ પર લેવામાં આવી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ઓ.પી.ડી. વિભાગને લંબાવીને છ માળની ઓપીડી બિલ્ડીંગ ઉભી કરવાનું મેડીકલ કોલેજનું આયોજન છે જેને પગલે સિવિલ હોસ્પિટલ સંકુલના ક્ષય વિભાગ કેન્દ્રનાં બિલ્ડીંગને તોડી પાડવામાં આવશે અને તે સ્થળ પર ઓપીડી બિલ્ડીંગ લંબાવવામાં આવશે. ક્ષય વિભાગ કેન્દ્ર હાલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં બ્લોક જીમાં ખસેડવામાં આવ્યોછે અને તેના મુળ બિલ્ડીંગને તોડવાની ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે ઓ.પી.ડી. બિલ્ડીંગ વિસ્તાર વધારતા હવે કામગીરી સંપન્ન થયા બાદ દર્દીઓ માટે પથારીની સંખ્યામાં વધારો થશે અને વધુ દર્દીઓ હોસ્પિટલની સેવાનો લાભ લઈ શકશે.

કડી કેમ્પસમાં મહારકતદાન યજ્ઞ યોજાયો

માણેકલાલ પટેલની જન્મ જયંતિએ ૫૯૪ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનું રકતદાન

ગાંધીનગર, તા.૧

સર્વ વિશ્વ વિદ્યાલય કડી - ગાંધીનગરના પૂર્વ ચેરમેન અને શિક્ષણ જગતના શીર્ષસ્થ મહારથી નિઃશબ્દ સાચા સમાજ સેવક અને લોક સેવક સ્વ. શ્રી માણેકલાલ પટેલ સાહેબની ૮૪ મી જન્મ જયંતિ જેવા મહાપર્વ નિમિત્તે તા.૧-૨-૨૦૧૩ ના રોજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી બ્લડ-બેંક અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી દ્વારા આયોજિત દ્વિતીય રકતદાન શિબિર વિશિષ્ટ પ્રતિભાઓની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ ગયો.

આ રકતદાન શિબિરમાં કડી કેમ્પસમાં - ૨૬૩ અને ગાંધીનગર કેમ્પસમાં ૩૩૭ થઈ કુલ ૬૦૦ બોટલ સ્ટાફ તથા વિદ્યાર્થીઓએ રકતદાન કરી ઉત્તમ ઉદાહરણ પુરું પાડ્યું હતું.

સર્વ વિદ્યાલયને કડીની વિશાળ કેમ્પસમાં પથરાયેલી વિવિધ વિદ્યાશાખાઓના સુપેરે હળ-બંધ સજાવ્યા પછી સર્વ વિદ્યાલયને ગુજરાતના પાટનગર ગાંધીનગરના

● અનુસંધાન પાન-૭ પર

પ્રોપર્ટી ધારકોએ ફાયર ટેક્સ ભરવો પડશે

ગાંધીનગર, તા. ૧

આગની આફત સામે ગુજરાતના કોઈપણ શહેરમાં હવે સરકાર જોખમ ઉઠાવવા માગતી નથી. હાઈકાઈઝડ બિલ્ડીંગ પછી તે રેસિડેન્સિય હોય કે કોમર્શિયલ તમામને ફાયર સેફ્ટિના નિયમોનું કડક પાલન કરવાનું રહેશે. એટલું જ નહીં, પ્રોપર્ટી માલિકોને ફાયર ટેક્સ ભરવાનો રહેશે. પ્રોપર્ટીમાં ફાયર સેફ્ટિના સાધનો નહીં હોય તો કસૂરવારને ઓછામાં ઓછી ૨૫ હજારની પેનલ્ટી લાગશે.

ગુજરાત સરકાર ગુજરાત ફાયર સેફ્ટિ પ્રોટકશન કાયદો બનાવી રહી છે, જેમાં આ જોગવાઈ કરવામાં આવી છે. સૂચિત કાયદો હાઈરાઈડ્ઝ રેસિડેન્સિયલ તેમજ કોમર્શિયલ બિલ્ડીગ્સમાં લાગુ પડશે. ફાયર સેફ્ટિ અંગેનું બીલ વિધાનસભાના ૨૦મી ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલા બજેટ સત્રમાં આવી રહ્યું છે. આ બીલમાં ફાયર ટેક્સની જોગવાઈ પણ કરવામાં આવી છે અને તે ફરજીયાત છે. બીજો મોટો સુધારો એવો છે કે ફાયર ઓડિટને ફરજીયાત બનાવવામાં આવ્યું છે. પ્રત્યેક સોસાયટી અને કોમર્શિયલ બિલ્ડીંગ મેનેજમેન્ટ ફાયર સેફ્ટિ કન્સલ્ટન્ટને ચાર્જ આપવાનો રહેશે.

ફાયરસેફ્ટિ માટે નવો કાયદો આવી રહ્યો છે

ગુજરાત હાઈકોર્ટના હુકમ અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ગત જુલાઈ મહિનામાં અમદાવાદના મ્યુનિસિપલ કમિશનર ગુરૂપ્રસાદ મહાપાત્રના અધ્યક્ષપણા હેઠળ એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી હતી. આ સમિતિ દ્વારા ઔડાના જીડીસીઆર (જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ રેગ્યુલેશન) અને દેશના મુંબઈ, દિલ્હી, કલકત્તા,ચેન્નાઈ, બેંગ્લોર, હૈદ્રાબાદ જેવા રાજયો અને મેટ્રોસીટીમાં ફાયરસેફ્ટી કાયદા સંબંધ જાણકારી મેળવી તેનો તલસ્પર્શી અભ્યાસ કરવામાં આવ્યો છે.

મુખ્ય વિચારણાના અંતે આ સમિતિએ રાજયમાં સ્ટેટ ફાયરસેફ્ટિ એક્ટની જરૂરીયાતની ભલામણ કરી હતી અને સમગ્ર રાજયને આવરી લેતો સ્ટેટ લેવલ ફાયર (સેફ્ટી એન્ડ

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા સુપુત્ર **સુભાષચંદ્ર હિંમતલાલ ત્રિવેદી** (કાર્યપાલક ઈજનેર, મા. અને મ. વિભાગ, અમદાવાદ શહેર)નું તા. ૩૦-૧-૨૦૧૩, બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૩-૨-૨૦૧૩, રવિવારના રોજ સવારે ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : આર. કે. રોયલ હોલ, સત્યમ કોમ્પલેક્ષ સામે, સાયન્સ સીટી રોડ, સોલા, અમદાવાદ

હિંમતલાલ નરસિંહલાલ ત્રિવેદી

હરીશકુમાર હિંમતલાલ ત્રિવેદી (ભાઈ) (ટેક્ષ એડવોકેટ, ગાંધીનગર)
નિકુંજ સુભાષચંદ્ર ત્રિવેદી (પુત્ર) (ફર્મ: પેલેશીયલ ઈન્ફ્રોટેક પ્રા.લિ. અમદાવાદ)
કથન હરીશકુમાર ત્રિવેદી (ભત્રીજા)
પ્રતિકકુમાર દુર્યંતભાઈ ભટ્ટ (જમાઈ)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે સાથે જ રાખેલ છે.
લિ. રાજેન્દ્રકુમાર ભગવતપ્રસાદ ત્રિવેદી, અમદાવાદ.

નેશનલ યુથ કોર્પ્સ
(National Youth Corps)

યોજના હેઠળ યંગ વોલન્ટીયર્સની પસંદગી માટે અરજીપત્રક મંગાવવામાં આવે છે.

નહેરૂ યુવા કેન્દ્ર ગાંધીનગર ખાતે એન.વાય.સી. (NYC) યોજના હેઠળ દસ (૧) યંગ વોલન્ટીયર્સની પસંદગી કરવાની છે જેની લાયકાત નીચે મુજબ છે.

(૧) ૧૮-૨૫ વય જૂથના યુવા ભાઈ-બહેનોને ૧ (એક) વર્ષ માટે કોમ્યુનિટી સર્વિસ માટે પસંદ કરવાના છે. કે જેમની ઉંમર તા. ૧-૪-૨૦૧૩ના રોજ ૨૫ વર્ષ પૂર્ણ થયેલ ન હોવા જોઈએ. (૨) માનદ પુરસ્કાર રૂ. ૨૫૦૦/- દર મહિને માળવાપાત્ર રહેશે. (૩) મહિલા ઉમેદવાર પણ અરજી કરી શકશે. (૪) સ્નાતક પાસ થયેલાને પસંદગીમાં અગ્રીમતા મળશે. (૫) પસંદગી પામેલ યુવા ભાઈ-બહેનોએ સમાજને લગતી યુવા પ્રવૃત્તિ જેવી કે આરોગ્ય, સાક્ષરતા, સ્વચ્છતા અભિયાન, સાંસ્કૃતિક, યુવા પ્રવૃત્તિ, રમત-ગમત અને રાષ્ટ્ર ઘડતર વિગેરે જેવી પ્રવૃત્તિઓ કરવાની રહેશે. (૬) લઘુતમ લાયકાત ધો.૧૦ પાસ હોવા જોઈએ. (૭) અરજદાર ગાંધીનગર જીલ્લાના વતની હોવા જોઈએ. એન.વાય.સી. વોલન્ટીયર્સ માટેનું અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૧૫-૨-૨૦૧૩ છે જે નીચે જણાવેલ નહેરૂ યુવા કેન્દ્રની કચેરીએથી વિનામૂલ્યે મળશે અથવા વેબસાઈટ www.nyks.org તથા www.yas.nic.in પરથી ડાઉનલોડ કરી શકાશે.

વધુ માહિતી માટે નીચેની કચેરીએ સંપર્ક કરવા વિનંતી.

યુથ કો-ઓર્ડીનેટરશ્રી
નહેરૂ યુવા કેન્દ્ર, ગાંધીનગર
બ્લોક નં. ૧૦/૧, ચ-ટાઈપ,
સેક્ટર-૩૦, ગાંધીનગર
ફોન : ૨૩૨૬૨૦૦૫

ઝોનલ ડાયરેક્ટરશ્રી
નહેરૂ યુવા કેન્દ્ર સંગઠન,
ગાંધીનગર.
ફોન : ૨૩૨૩૨૦૭૩

વીજ જોડાણોનો ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસ આંદોલન કરશે

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં ડાર્કઝોનવાળા તાલુકાઓમાં ખેડૂતોને વહેલીતકે ખેત વીજ જોડાણ આપવા ખેડૂતોને દિવસે ૧૦ કલાક અને રાત્રે ૬ કલાક વિજળી આપવા માગણી સહિતની ખેડૂતોની કેટલીક માગણીઓ અને ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવી તથા ખેડૂતોમાં જાગૃતિ લાવવા કોંગ્રેસ આગામી વિધાનસભામાં અને શેરીઓમાં પોતાનો અવાજ રજુ કરી વીજનિયમન પંચ અને સરકારને ખેડૂતોની વિજજોડાણો માટેની તમામ પેન્ડીંગ અરજીઓનો નિકાલ કરવા ફરજ પાડશે તેવું આજે પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા જયરાજસિંહ પરમારે જણાવ્યું હતું.

પત્રકારો સાથેની વાતચીતમાં જયરાજસિંહ વધુમાં જણાવ્યું હતું કે

● અનુસંધાન પાન-૭ પર

ગોડાઉન ભાડે આપવાનું છે

રાંધેજા - રૂપાલ રેલ્વે ફાટક પાસે રોડ ટચ ૧૦૦૮૩૫ ફૂટના બે ગોડાઉન ભાડે આપવાના છે.

મો. : ૯૮૯૮૨૬૩૪૯૫
મો. : ૯૮૨૫૫૮૩૭૧૨

નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૪-૨-૧૩, સોમવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. ડીસ્ટ્રીકટ શોપીંગ, સે.૨૧

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

SANGHI CEMENT | KISAN | BENELAVE | H.FIXIT | TMT BARS - ISI | TATA STEEL • PIPES • SHEETS | SANGHI STEEL - ISI | ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીકટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com